| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |


**તા.૦૮/૧૨/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૭૯૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૭૭/૨૦૨૩

**ચાંદખેડાઃ** મુકેશભાઈ રુમાલજી બામણીયા (રહે. ઈડન પરમેશ્વર લેબર કોલોની ટીપી.૪૪ ચાંદખેડા) એ તા.૦૭/૧૨/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૧૨/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી બેગમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/- અને મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.વી.જાડેજા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૭૮/૨૦૨૩

**ઓઢવઃ** સોનલબહેન વા/ઓ સાહીલભાઇ ભરવાડ (ઉ.વ.૨૪) (રહે. ભરવાડવાસ શાંતિબાગ ટેનામેન્ટ સામે ઇસનપુર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર મોની હોટલ સામે શક્તિ એસ્ટેટ મેઇન રોડ આગળથી શટલ ઓટોરીક્ષામાં બેસી ઓઢવ તક્ષશિલા ચાર રસ્તા સુધીની મુસાફરી દરામ્યાન રીક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ રીક્ષા ચાલકની મદદગારીથી સોનલબહેન ભરવાડની નજર ચુકવી થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તાપસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચાલવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૯/૨૦૨૩**

**આનંદનગરઃ** દિલીપ અર્જુનજી ઠાકોર (ઉ.વ.૩૨) (રહે. મકરબા રેલવે સ્ટેશન પાસે કાચા છાપરામાં વેજલપુર) તા.૦૬/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે મકરબા ફાટક પાસે આવેલ થાંભલા નંબર-૨૦/૪ તથા ૨૦/૫ ની વચ્ચે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૦/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** યોગેશભાઈ રાજુભાઈ પઢીયાર (ઉ.વ.૨૭) (રહે. લક્ષ્મણગઢનો ટેકરો ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૨/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**એલીસબ્રીજઃ** સુનિલ ભુપતભાઇ ઠાકોર (ઉ.વ.૩૦) (રહે. બ્લોક નંબર એ.બી/૫૦૫ પાંચમો માળ નવી આવાસ યોજના ભુદરપુરા આંબાવાડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પાંચમા માળથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રજાકભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**નારોલઃ** રૂક્ષાર ડો/ઓ આબિદહસન પઠાણ (ઉ.વ.૨૧) (રહે. બાગે રહેમત અલીફનગરની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લગાવેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ આંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી